મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ વાસણો ખરીદવા માટે વિભાગીય ખરીદી-સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૦૦/૩૯૫/ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 14 DEC 2001

વંચાણમાં લીધા :-

(૧) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: મભય/૧૩૯૮/૪૭૧/ર, તા. ૧/૫/૨૦૦૦.

(૨) કમિશ્નરશ્રી મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરીનો હુકમ ક્રમાંક: મભય/૧૯૮/બ/૨૦૦૦/૨૦૦૧/૫૬૫૩/પ૬. તા. ૧૮/૫/૨૦૦૦.

(૩) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: મભય/૧૩૯૮/૪૭૧/ર, તા. ૧૬/૧૧/૨૦૦૦.

ઠ રા વ :-

ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી તથા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાના ધોરણ: ૧ થી ૭ માં ભણતા બાળકોને પોષણક્ષમ પૂરક આહાર આપવા માટે રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજના સને ૧૯૮૪ થી શરૂ કરવામાં આવેલી છે. અને હાલ તે અમલમાં છે. આ યોજના શરૂ થઈ ત્યારે મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રોમાં રસોઈ બનાવવા માટે વાસણો ખરીદવામાં આવ્યા હતા જે લગભગ સત્તર વર્ષ જેટલો સમય સમય થવાના કારણે લગભગ જર્જરીત અને બિન ઉપયોગી થયેલા છે. આવા વાસણોને બદલે નવા વાસણો ખરીદીને આપવા માટેની જરુરી સુચનાઓ, ઉપર સંદર્ભ ક્રમાંક: (૧) અને (૩)માં દર્શાવેલ ઠરાવોથી આપવામાં આવેલી છે. કમિશ્નરશ્રી મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓએ ઉક્ત સંદર્ભમાં દર્શાવેલ ક્રમ : (૨) ના હુકમથી વાસણો ખરીદ સમિતિની રચના કરેલ છે. પરંતુ વાસણોની ખરીદી ૫૦ લાખથી વધુ રકમની થતી હોઈ વિભાગની ખરીદ સમિતિની રચના કરવાનું જરુરી છે. આથી ઉક્ત હેતુ માટે વાસણ ખરીદી કરવા માટે વિભાગીય ખરીદ સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

.... ૨,

૨. ઉપરની બાબતમાં પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓના તા. ૧૮/૫/૨૦૦૭ ના હુકમથી વાસણ ખરીદ સમિતિની રચના કરેલ છે. તે હુકમ રદ કરવામાં આવે છે. અને મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રો માટે રસોઈ બનાવવાના વાસણોના પ્રકારમાં માપ, ગાળ્ઝ, ગેજ અને વાસણોની સંખ્યા નક્કી કરવા તેમજ ખરીદી અંગેની કાર્યવાહી પુરી કરવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણેના વિભાગીય ખરીદ સમિતિની રચના કરવાનું મંજુરી કરાવવામાં આવે છે :-

| ક્રમ | હોદ્દો | સમિતિમાં પદ. |
| --- | --- | --- |
| (૧) | સચિવશ્રી શિક્ષણ વિભાગ. | અધ્યક્ષશ્રી |
| (૨) | સચિવશ્રી (ઉ) ઉદ્યોગ અને ખાણ વિભાગ. | સભ્યશ્રી |
| (૩) | સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ. | સભ્યશ્રી |
| (૪) | કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી |
| (૫) | નાણા સલાહકારશ્રી (શિક્ષણ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સભ્યશ્રી |
| (૬) | સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી, મધ્યસ્થ સ્ટોર ખરીદી તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી |
| (૭) | નાયબ કમિશ્નરશ્રી મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્ય સચિવશ્રી |

૩. આ ખાતાકીય ખરીદ સમિતિએ નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) આ સમિતિએ સરકારશ્રીની વખતો વખતની ખરીદનીતિ અને પધ્ધતિ અનુસરીને જ ખરીદી કરવાની રહેશે. તેમજ ખરીદનીતિ ૧૯૯૭ ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨) આ સમિતિની સત્તા અન્ય ખાતાકીય ખરીદ સમિતિઓની જેમજ રૂા. ૭૫ લાખ ( અંકે રુપિયા પંચોતેર લાખ) ની રહેશે. આ રકમથી વધુ રકમની કોઈ એક ચીજવસ્તુ ખરીદવી હોય તો સચિવશ્રીઓની ખરીદ સમિતિની મંજુરી લેવાની રહેશે.

(૩) આ રૂા. ૭૫ લાખ ( અંકે રુપિયા પંચોતેર લાખ)ની મર્યાદા One Item of Store to be purchased. માટેની છે. જે ધ્યાને લેવાની રહેશે.

૪. ઉપરોકત સમિતિએ વખતો વખત બેઠકો બોલાવી સરકારશ્રીના તારીખ: ૧/૫/૨૦૦૦ ના ઠરાવ તેમજ તા. ૧૬/૧૧/૨૦૦૦ ના ઠરાવ મુજબ વાસણોની ખરીદી કરવા માટે તમામ કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમો નાણા વિભાગની તા.૩/૧૨/૨૦૦૧ ની અને ઉધોગ અને ખાણ વિભાગની તા. ૨૮/૧૧/૨૦૦૧ ની અનુમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. બી. ધંધુકીયા )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
- મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી
- બધા મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- બધા રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. પુરક
-
- સચિવશ્રી, ગુજરાત [illegible] આયોગ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, ગાંધીનગર.
- સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- આસીસ્ટન્ટ લોકલ ફંડ એકાઉન્ટસ, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે નાયબ કલેકટરશ્રીઓ (મધ્યાહ્ન ભોજન યોજના)
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ ઓડિટ ઓફીસર, અમદાવાદ/ ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ. / ના.સે.પ. સિલેકટ ફાઈલ.

ચા. ૧૩/૧૨.